## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



લો સાહેબ... સો ટકા કાર્બાઈડ વગરની સરકારનાં આદેશ પ્રમાણેની કેરી... ભગવાન આગળ મુકજો અને પાકે તો ખાજો...!!

# સિવિલ હોસ્પિટલમાં કોલેરાના દર્દીઓ આઈસોલેશન વોર્ડ તૈયાર

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા એક માસમાં ગરમીના દિવસોને લઈ પાણીજન્ય રોગચાળાએ માથું ઉચક્યું છે. ગાંધીનગરમાં ઝાડાઉલટી, કમળો,અને કોલેરાના દર્દીઓ વિશેષરુપે જોવા મળી રહ્યા છે.ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે આવતા દર્દીઓ માટે તંત્ર દ્વારા ખાસ તકેદારી રાખવામાં આવી છે. હોસ્પિટલમાં કાર્યરત પાંચ મેડીસીન વોર્ડમાં આઈસોલેશન વોર્ડ તેમજ વધુ દર્દી આવી જાય તેવા સમયે ખાસ રીઝર્વ વોર્ડ તૈયાર કરાયો છે. અત્યાર સુધીમાં કોલેરાના ૬ જેટલા દર્દીઓએ હોસ્પિટલમાં સારવાર મેળવી છે.

ઉનાળાની કાળઝાળ ગરમીને પગલે શહેરમાં પાણીજન્ય રોગચાળાને પગલે છેલ્લા એકમાસમાં ૫૦૦ થી વધુ ઝાડાઉલ્ટીના કેસ નોંધાયા છે. ગરમીની સીધી અસર માનવીના શરીર પડે છે તેવા સમયે અખાદ્ય ખોરાક ખાવાને કારણે ઝાડાઉલટી ના કેસો ખાસ કરીને ગામડાઓમા વિશેષ જોવા મળી રહ્યા છે. પાણીજન્ય અને જીવલેણ રોગના દર્દીઓ પણ વધવા પામ્યા છે. કોલેરાના દર્દીઓ પણ જોવા મળતા સિવિલ હોસ્પિટલમાં ખાસ તકેદારી રાખવામાં આવી છે. હોસ્પિટલના મેડીસીન વોર્ડમાં આવેલા તમામ આઈસોલેશન વોર્ડ કાર્યરત કરી દેવામાં આવ્યા છે. પાણીજન્ય રોગચાળાને ધ્યાને રાખીને અન્ય દર્દીને ચેપ ના લાગે ખાસ જોવાનું હોય છે. ત્યારે આઈસોલેશન વોર્ડમાં એટેચ ટોઈલેટ-બાથરુમ હોવાથી દર્દીને રુમમાં જ સારવાર મળી રહે છે. જયારે ચિંતાજનક વધતા પાણીજન્ય રોગચાળાને લઈ બીજામાળે આવેલ રીઝર્વ વોર્ડ પણ તૈયાર કરાયો છે. જેમાં ૨૦ પથારી સુધીની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ટુંકમાં પાણીજન્ય વધતા રોગચાળાને લઈ ગાંધીનગર મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ તંત્ર દ્વારા વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

## ખૂણે ખાંચરેથી...

● ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડે આજે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર કરવાનો નિર્ણય કરતાં જ શહેરનાં શૈક્ષણિક જગતમાં ઉત્તેજનાઓ પ્રસરી જવા પામી છે.

● ગાંધીનગર શહેર સહિત રાજયના ૮ મહાનગરોમાં ગઈકાલે લોંચ થયેલા ઊજાલા કાર્યક્રમમાં પ્રથમ દિવસે જ એક લાખથી વધુ એલ.ઈ.ડી. બલ્બનું વિતરણ થયું છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતનું તંત્ર સ્માર્ટ વિલેજની કામગીરીને લઈ વ્યસ્ત થઈ જવા પામ્યું છે.

● ગાંધીનગર શહેરમાં પણ પેયજળની ગુણવત્તા સામે પ્રશ્નો ઉભા થયા છે સવારે વહેલું પાણી થોડીકવાર ડહોળું આવતું હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.

● ગાંધીનગર આઈ. ટી. આઈ.ના કર્મચારી મનીષ દેસાઈએ આજે તેના ૩૯મા જન્મદિને પત્ની જીનલ દેસી અને મિત્રો સાથે મળી સેક્ટર-૧૬માં ૩૯ આસોપાલવની વાવણી કરી ઉજવ્યો હતો.

● અમદાવાદના રિવરફ્રન્ટ ખાતે યોજાયેલ વિકાસ પર્વ સંમેલનમાં હાજરી આપવા આજે ભાજપના ડે. મેયર શ્રી જીગાબાપુ સહિત ઘણા કાઉન્સિલો બસમાં કાર્યકર્તાઓ સાથે બેસી અમદાવાદ પહોંચ્યા હતા.

# સેક્ટર-૨૬માં સ્થિત સની કોમ્પલેક્ષના મીટર બોક્ષમાં આગ

## પાવર ઓવરલોડને પગલે શોર્ટ સર્કીટ થતા આગ લાગી : મીટરો સળગી જતા ભર બપોરે ગરમીમાં લાઈટ ડુલ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરમાં ગરમીને પગલે ઘરે-ઘરે એસી-કુલર, ફ્રીઝ ધમધમી રહ્યાં છે. જેને પગલે પાવર ઓવરલોડની સમસ્યા ગંભીર બની છે. ઓવરલોડને કારણે ડી.પી. બળી જવાના અને મીટર બોક્ષ બળી જવાના કિસ્સાઓ વધતા લાઈટ ડુલ થઈ જવાના બનાવો બનતા રહે છે. આવો જ એક કિસ્સો આજે બપોરે સે. ૨૬ સ્થિત સની કોમ્પલેક્ષમાં બનવા પામ્યો હતો.

સેક્ટર-૨૬ ખાતે સ્થિત ડી.માર્ટની પાછળના ભાગે આવેલા સની કોમ્પલેક્ષના મીટર બોક્ષમાં આજે બપોરે અચાનક ધડાકા સાથે આગ લાગી હતી. ગાંધીનગર ફાયરબ્રિગેડને ઘટનાની જાણ કરવામાં આવતા સિનિ. ફાયરમેન ચિનુભાઈ પટેલ તથા રિચાર્ડસન તેમની ટીમ સાથે તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને પાણીનો મારો ચલાવીને આગ વધુ પ્રસરે તે પહેલા અટકાવી દઈ આગ કાબુમાં લઈ લેવાઈ હતી. જો કે મીટર બોક્ષ સળગતા તમામ મીટરો બળીને ખાખ થઈ ગયા હતા. જેને પગલે ભર બપોરે બફારાની સ્થિતિ વચ્ચે લાઈટ ડુલ થઈ જતા વેપારીઓ પણ અકળાયા હતા. મીટરબોક્ષમાં આગ પાવર ઓવરલોડને કારણે શોર્ટ સર્કીટ થવાથી લાગી હોવાની પ્રાથમિક સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. સદભાગ્યે આ આગની ઘટનામાં કોઈને ઈજા, જાનહાની કે મોટી માલહાની થવા પામી નથી.



પ્રસિદ્ધ યાત્રાધામ રૂપાલથી વાસણ એપ્રોચ માર્ગને રીસર્ફેસીંગ કરવાના કામનો આજથી ધારાસભ્ય અશોક પટેલે પ્રારંભ કરાવ્યો હતો.

## બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાન દ્વારા તાલીમ વર્ગનું આયોજન

ગાંધીનગર, તા. ૨૭

બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાન ગાંધીનગર દ્વારા બેરોજગાર બહેનો માટે તાલીમવર્ગનું આયોજન કરવામાં આવ્યું છે. આ તાલીમવર્ગમાં બ્યુટીપાર્લર, ઈમીટેશન જ્વેલરી મેકીંગ, સીલાઈકામ, સોફ્ટ ટોઈઝ અને પગલૂછણીયા સહિતની બનાવટની તાલીમ આપવામાં આવશે. જેમાં વયમર્યાદા ૧૮ થી ૪૫ વર્ષ અને અભ્યાસની લાયકાત ધોરણ-૮ થી ૧૦ પાસ હોવી જરૂરી છે. આ તાલીમ વર્ગમાં ભાગ લેવા ઈચ્છતી બહેનોએ આગામી તા. ૩૦મી મે ના રોજ બ્લોક નં. ૧૨૫/૧ અને ૧૨૫/૨, ઘ-ટાઈપ, સેક્ટર-૨૧ ખાતેથી ફોર્મ મેળવવાના રહેશે.



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ગાંધીનગર નજીકના પોતાના સંસદીય મતવિસ્તારમાં સરકારની બે વર્ષની કામગીરીને મતદારો સમક્ષ રજુ કરવા આવેલા ફિલ્મી એક્ટર અને સંસદ પરેશ રાવલને પ્રત્યક્ષ નિહાળવા વિસ્તારના ભુલકાંઓને પણ કેસરીયો કરવો પડ્યો હતો. ફક્ત સિનેમાઘરો અને ટીવીમાં નીહાળેલા આ ફિલ્મી કલાકારની લોકપ્રિયતાએ ભુલકાઓને પણ આકર્ષિત કરી હતી. જેથી તેમની રૂબરૂ મુલાકાત કરવા ભુલકાંઓએ માથે ટોપી અને ગળામાં ખેસનું કેસરીયું કરી પોતાની ઈચ્છા પુર્ણ કરી હતી. જો કે સંસદસભ્ય પરેશ રાવલ પણ ભુલકાંઓની જિજ્ઞાશાને સમજી અને તેમને મળી આનંદ વ્યક્ત કર્યો હતો. ગતિશીલ ગુજરાતના રંગે રંગાઈને ભુલકાંઓએ રાજકારણના બદલે ફિલ્મી કલાકારમાં વધુ રસ દર્શાવતા રમુજ ફેલાઈ હતી. જો કે હાજર સૌએ ભારતના આ ભવિષ્યને અત્યારથી જ દેશ અને દુનિયાની સમજ કેળવાય તેવો અભિગમ દર્શાવી ભુલકાંઓને આ કાર્યક્રમમાં હાજર રહેવા પ્રોત્સાહિત કર્યા હતા.

# મંજૂરોની યાદીનું રજીસ્ટર ન નિભાવતા કોન્ટ્રાક્ટર સામે ગુનો દાખલ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં ચાલતી કોઈપણ કન્સ્ટ્રક્શન સાઈટ પર કામ કરતા મજૂરોની નામ-ઠામ સાથેની યાદી રજીસ્ટરમાં નિભાવળી ફરજીયાત કરતુ જાહેરનામુ જિલ્લા કલેક્ટરે સુરક્ષાના હેતુસર પ્રસિદ્ધ કરેલુ છે. તેમ છતાં હજુ કેટલીય બાંધકામ સાઈટ પર મજૂરોની યાદીનું રજીસ્ટર નિભાવવામાં આવતુ નથી. ગાંધીનગર એસઓજીની ટીમે આ સંદર્ભે ચેકીંગ શરૂ કર્યું છે.

સે. ૨૬ જીઆઈડીસી પ્લોટ નં. ઈ-૧૩૧માં એક કન્સ્ટ્રક્શન સાઈટ ચાલી રહી છે. ત્યાં એસઓજીની ટીમે દરોડો પાડી ચેકીંગ કરતા ત્યાં પણ મજૂરોની યાદી રજીસ્ટરમાં નિભાવવામાં ન આવતી હોવાનું એસ.ઓ.જી.ના ધ્યાને આવ્યું હતું. એસઓજીની ટીમે કન્સ્ટ્રક્શન સાઈટના કોન્ટ્રાક્ટર નવીન નાનજીભાઈ પટેલ (રહે. બોપલ, અમદાવાદ) સામે જિલ્લા કલેક્ટરના જાહેરનામા ભંગ બદલ ગુનો દાખલ કરી સે. ૨૧ પોલીસમથકમાં કરાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

